***બોર્ડ/ કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓ સામેની ફરિયાદોની તપાસના અહેવાલો ઉપરના તકેદારી પંચનો અભિપ્રાય મોકલવાની કાર્યપદ્ધતિ બાબત......***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર નંબર : પરચ-૧૦૭૮-યુઓ-૧૧૭-હ,
સચિવાલય, ગાંધીનગર, ૫મી મે, ૧૯૭૯.

***વંચાણમાં લીધા:-*** *૧. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૭મી એપ્રિલ, ૧૯૬૪નો પરિપત્ર નંબર : એસવીસી-૧૦૬૪-જી.*

*૨. એસવીસી-૧૦૭૮-૧૫૩૧૨-તા. ૫મી ડીસેમ્બર, ૧૯૭૮ અને ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૭૯નો તકેદારી પંચનો પત્ર નં. ઉખાવા એસવીસી : ૧૦૭૮-૧૫૩૧૨-બી.*

**પરિપત્ર**

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૭મી એપ્રિલ, ૧૯૬૪ના પરિપત્ર ક્રમાંક : એસવીસી ૧૦૬૪- જીના ફકરા-૪(૫) અને ૪(૧૦)ની જોગવાઈઓ મુજબ તકેદારી પંચે વૈધાનિક બોર્ડ/કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓ સામેના આક્ષેપોની તપાસ અંગનો અભિપ્રાય સંબંધિત બોર્ડ/કોર્પોરેશનને બારોબાર મોકલવાનો હોય છે. પરંતુ વાસ્તવમાં તકેદારી પંચે આવા કેસોમાં સંબંધિત વહીવટી વિભાગ મારફતે પોતાનો અભિપ્રાય મોકલવાની પ્રથા અપનાવેલ એટલે આ બાબતમાં ખરેખર કઇ કાર્ય પદ્ધતિ અપનાવવી તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતમાં તકેદારી પંચ સાથે પરામર્શ કરી સરકારે હવે એમ નક્કી કરેલ છે કે ઉપરોક્ત તા. ૧૭મી એપ્રિલ, ૧૯૬૪ના ઠરાવમાં જે જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ તકેદારી પંચ હવેથી ભવિષ્યમાં બોર્ડ/કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓ સામેના આક્ષેપોની તપાસ કરાવ્યા બાદ પોતાનો અભિપ્રાય, સરકાર કોઇ ખાસ કેસમાં તપાસ સોંપે તે સિવાયના કેસોમાં સંબંધિત બોર્ડ/કોર્પોરેશનને બારોબાર મોકલવાનું રાખશે., સાથે સાથે એવા કોર્પોરેશનો સાથે સંકળાયેલા સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગને તેવા અભિપ્રાયની એક નકલ જાણ અર્થે મોકલશે. હવેથી બોર્ડ/કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓ વિરૂદ્ધ મળેલી ફરિયાદો બાબતમાં તકેદારી પંચ ઉપર જણાવેલ કાર્યપદ્ધતિ અનુસરે તેવી વિનંતી છે.

૩. બોર્ડ/કોર્પોરેશનોએ તકેદારી પંચનો અભિપ્રાય મળ્યા પછી પંચની ભલામણો સ્વીકારવી કે કેમ તે મુદ્દા ઉપર નિર્ણય લઇ પંચને અને સંબંધકર્તા વહીવટી વિભાગને ત્રણ મહિનાના સમયમાં જાણ કરવાની રહેશે. જે કિસ્સાઓમાં તકેદારી પંચની ભલામણો બોર્ડ/કોર્પોરેશનો તરફથી સ્વીકારવામાં ન આવે તેવા કિસ્સાઓ તકેદારી પંચના વાર્ષિક વહીવટી અહેવાલોમાં આવે ત્યારે સંબંધિત વહીવટી વિભાગોએ તે અંગે સ્પષ્ટીકરણાત્મક નોંધ સંબંધિત બોર્ડ/કોર્પોરેશનની પાસે મંગાવી ગૃહ વિભાગને મોકલવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વિ. ભા. અમીન**

સરકારના ઉપસચિવ